*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

TOPIC 75

## ગોદાવરી-કાવેરી લિંક પ્રોજેક્ટ



ચર્ચામાં શા માટે ?

ગોદાવરી-કાવેરી લિંક પ્રોજેક્ટ વિશે :-

પ્રોજેક્ટ સાથે સંકળાયેલ નદીઓ :-


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



TOPIC-75નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in
t.me/icerajkotofficial
9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં ગોદાવરી-કાવેરી લિંક પ્રોજેક્ટનું 'વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ' (DPR) તૈયાર કરવાનું કામ પૂર્ણ થયું છે. જેથી પ્રોજેક્ટ સંબંધિત રાજ્યો પોતાનો પક્ષ રજૂ કરી શકે.

## ગોદાવરી-કાવેરી લિંક પ્રોજેક્ટ વિશે :-

- રાષ્ટ્રીય જળ વિકાસ એજન્સી (NWDA) દ્વારા વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.
  (NWDA = National Water Development Agency)
- રાષ્ટ્રીય જળ વિકાસ એજન્સી એ જળ ઊર્જા મંત્રાલયમાં સોસાયટીઝ નોંધણી અધિનિયમ 1860 હેઠળ નોંધાયેલ સોસાયટી છે. તેની સ્થાપના વર્ષ 1982માં થઈ હતી.
- તેનો હેતુ કેન્દ્રીય જળ આયોગ દ્વારા તૈયાર કરાયેલી રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય યોજનાના દ્વીપકલ્પ નદી વિકાસ ઘટકને આકાર આપવાનો છે. અને તેના સંબંધમાં વિગતવાર અભ્યાસ, સર્વેક્ષણો અને તપાસ કરે છે.
- ગોદાવરી-કાવેરી લિંક પ્રોજેક્ટમાં ત્રણ લિંક શામેલ કરવામાં આવી છે. જેમાં ગોદાવરી-કૃષ્ણા, કૃષ્ણા-પેન્નાર અને પેન્નાર-કાવેરીનો સમાવેશ થાય છે.
- રિપોર્ટ મુજબ, લગભગ 247 TMC (Thousand Million Cubic Feet) પાણી ગોદાવરી નદીથી નાગાર્જુનસાગર ડેમ અને આગળ દક્ષિણ તરફ મોકલવામાં આવશે. જે કૃષ્ણા, પેન્નાર અને કાવેરી બેસિનની જળ જરૂરિયાતોને પૂર્ણ કરશે.
- આ પ્રોજેક્ટ દ્વારા આંધ્રપ્રદેશના પ્રકાશમ, નેલ્લોર, કૃષ્ણા, ગુંટુર અને ચિતૂર જિલ્લાના 3.45થી 5.04 લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ સુવિધા મળશે.
- વર્ષ 2018-19માં આ પ્રોજેક્ટની અંદાજિત કિંમત 6361 કરોડ રૂપિયા હતી.

- આ પ્રોજેક્ટનો અમલ સંબંધિત રાજ્યોની સર્વસંમતિથી 'વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ' તૈયાર કરીને, જરૂરી કાયદાકીય મંજૂરી મેળવ્યા પછી જ પૂર્ણ થશે.

## પ્રોજેક્ટ સાથે સંકળાયેલ નદીઓ :-

ગોદાવરી-કાવેરી લિંક પ્રોજેક્ટમાં ગોદાવરી, કૃષ્ણા, પેન્નાર અને કાવેરી નદીનો સમાવેશ થાય છે. જેમાં...

- ગોદાવરી નદી મહારાષ્ટ્રના નાસિક નજીક ત્ર્યંબકેશ્વરથી ઉદ્દભવે છે અને તેમનો પ્રવાહ મહારાષ્ટ્ર, તેલંગાણા, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ અને ઓડિસા થઈ બંગાળની ખાડીને મળે છે.
- કૃષ્ણા નદી મહારાષ્ટ્રના સત્તારા નજીક મહાબળેશ્વર પાસેથી ઉદ્દભવે છે. અને તેમનો પ્રવાહ મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં થઈ બંગાળની ખાડીને મળે છે. આ નદી પર નાગાર્જુનસાગર ડેમ આવેલ છે.
- પેન્નાર નદી કર્ણાટકના ચિકલબલાપુર જિલ્લામાંથી ઉદ્દભવે છે અને તેમનો પ્રવાહ કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં થઈને બંગાળની ખાડીને મળે છે.
- કાવેરી નદી કર્ણાટકના પશ્ચિમ ઘાટના બ્રહ્મગિરિ પર્વતમાંથી ઉદ્દભવે છે અને તેમનો પ્રવાહ કર્ણાટક અને તમિલનાડુમાં થઈને બંગાળની ખાડીને મળે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT